# વડોદરા મહાનગરપાલિકા

## આરોગ્ય વિભાગ - જન્મ, મરણ અને લગ્ન નોંધણી શાખા

www.vmc.gov.in

વડોદરા મહાનગરપાલિકા આરોગ્ય શાખા હસ્તક જન્મ-મરણ શાખાની કેટલીક સેવાઓનું વિકેન્દ્રીકરણ કરવામાં આવે છે. સદર વિકેન્દ્રીકરણના ભાગરૂપે તા.૦૧/૦૧/૨૦૨૧ થી નીચે જણાવ્યા મુજબની કાર્યપ્રણાલીને અનુસરવાનું રહેશે.

તા.૦૧/૦૧/૨૦૨૧ થી વડોદરા શહેરી વિસ્તારની તમામ હોસ્પિટલમાં થતા જન્મ, મરણ તથા મૃત જન્મના બનાવ હોસ્પિટલ દ્વારા **web based application** ઈ-ઓળખ **(Gujarat Civil Registration System)** માં નોંધવાના રહેશે. તા.૦૧/૦૧/૨૦૨૧ થી જન્મ અને મરણના ઘરે થયેલ બનાવ વોર્ડ ઓફિસમાં નોંધવાના સદંતર બંધ કરવામાં આવે છે. તેને સ્થાને આ બનાવ નાગરિકો રહેઠાણની નજીક આવેલ **UPHC (UrbanPrimary Health Centre)** પર નોંધવાના તથા પ્રમાણપત્રો મેળવી લેવાના રહેશે. મે-૨૦૧૫ થી ડીસેમ્બર-૨૦૨૦ સુધીની જન્મ અને મરણ ની નકલો સંબધિત વોર્ડ કચેરીએથી મેળવવાની રહેશે. જન્મ-મરણ શાખાની અન્ય કામગીરી જેવી કે ૨૦૨૦ થી તેની અગાઉના બાળકના જન્મ પ્રમાણપત્ર માં નામ નોંધ, જન્મ-મરણ પ્રમાણપત્રમાં સુધારા-વધારા, અપ્રાપ્ય પ્રમાણપત્ર મુખ્ય કચેરી સરદાર પટેલ માર્કેટ, નવાપુરા, વડોદરા ખાતે કરવાની રહેશે.

વધુ માહિતી માટે કચેરીના ફોન નં. ૦૨૬૫-૨૪૧૭૪૨૨ દ્વારા કચેરીના સમય દરમ્યાન મળી રહેશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

પી.આર.ઓ.નં. ૭૯૭ /૨૦૨૦-૨૧.

મ્યુનિસિપલ કમિશનર

Scanned with CamScanner